# વડોદરા મહાનગરપાલિકા

દબાણ અને સિક્યુરિટી વિભાગ

www.vmc.gov.in

આઝાદી નો અમૃત મહોત્સવ

## જાહેરનામું

શહેર વિસ્તારના જાહેર માર્ગો ઉપર રખડતાં પશુઓને કારણે ઉદભવતી ટ્રાફીક સમસ્યા, ગંદકી અને અકસ્માતને કારણે બનતા મૃત્યુના કેસોના બનાવોને કારણે રખડતાં પશુઓના ત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલીસી -૨૦૨૩ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક: UDUHD/MSM/E-file/18/2022/7207/p/section Date:21-08-2023 તથા વડોદરા શહેરમાં સદર પોલીસીના અમલીકરણ અર્થે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, સામાન્ય સભા ઠરાવ અંક :૯૬/તા.૨૦/૧૦/૨૦૨૩ થી મંજૂરી મળેલ છે. જેનું અમલીકરણ તા.૦૧/૧૧/૨૦૨૩ થી શરૂ કરવાનું હોઈ, પશુમાલિકો / પશુપાલકોને જાહેર નોટીસ આપી નીચે મુજબથી સુચિત કરવામાં આવે છે.

- વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારના જે પશુઓની નોંધણી કરાવી RFID Mircrohips – Visual ear Tag લગાડવાની બાકી હોય તેવા પશુઓને તા.૧૬/૧૧/૨૦૨૩ થી પશુ દીઠ રૂ.૨૦૦/- ભરી પશુ નોંધણી કરાવી પશુઓમાં RFID Mircrohips – Visual ear Tag લગાડવાની કામગીરી ૦૨ માસમાં પશુમાલિકે ફરજિયાત કરાવી લેવાની રહેશે.
- ત્યારબાદ બીજા ૦૨ માસ દરમ્યાન પશુ નોંધણી તથા RFID Mircrohips – Visual ear Tag લગાવવાનો ચાર્જ પશુ દીઠ રૂ.૧૦૦૦/- વસૂલવાની જોગવાઈ રહેશે.
- જે પશુમાલિક વ્યક્તિગત ધોરણે [૦૫ પશુઓની મર્યાદા] પોતાના ઉપયોગ માટે પશુ રાખે તેઓએ ૦૩ [ત્રણ] વર્ષ માટેના રૂ.૨૫૦/- ભરી. તેમજ જે પશુમાલિક પશુઓ રાખી પશુઓના દૂધના વ્યવસાય [૦૫ પશુઓથી વધુ] અથવા અન્ય વ્યવસાય માટે ઉપયોગ કરતાં હોય તેઓએ તેઓએ ૦૩ [ત્રણ] વર્ષ માટેના રૂ.૫૦૦/- ભરી લાઈસન્સ માટે દિન – ૯૦ માં સંબંધિત વહીવટી વોર્ડ કચેરી ખાતે/વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર નિયત પુરાવાઓ રજૂ કરી અરજી કરવાની રહેશે.
- લાઈસન્સ / પરમીટની મુદ્દત ૦૩ વર્ષ પૂર્ણ થવાની હોઈ તેના ૦૧ માસ પહેલા નિયત પૂરાવાઓ સાથે અરજી સહ ઉપરોક્ત જણાવેલ મુજબની રીન્યુઅલ ફી ભરી લાઈસન્સ / પરમીટ રીન્યુ કરવાની રહેશે.
- ઘાસચારાના વેચાણના ગોડાઉન / દુકાન અર્થે લાઈસન્સ માટે વહીવટી વોર્ડ / ઓનલાઈન અરજી કરવાની રહેશે. સદર લાઈસન્સની મુદ્દત ૧ વર્ષે માટે અને ફી રૂ.૨૫૦/- રહેશે. મુદ્દત પૂર્ણ થયે ૧ માસ અગાઉ રીન્યુઅલ કરાવી લેવા ફી રૂ.૨૫૦/- ભરવાની રહેશે.
- મુદ્દત પૂર્ણ થયા બાદ લાઈસન્સ / પરમીટની રીન્યુઅલ ફી ઉપર રૂ.૧૦૦/- પ્રતિ માસ મુજબ લેટ ફી વસૂલવામાં આવશે.
- પાંજરાપોળ/ ગૌશાળા/મંદિર જેવી સંસ્થાઓ કે જે પબ્લીક ચેરીટેબલ એક્ટ હેઠળ નોંધાયેલ હોય અથવા આ પ્રકારની સરકારી માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ પશુઓનું નિઃશુલ્ક રજીસ્ટ્રેશન અને તે અનુસંધાને લાઈસન્સ/પરમીટ મેળવવા તેમજ લાઈસન્સ / પરમીટ ફી માંથી મુક્તિ મેળવવા નિયત પુરાવાઓ સાથે સંબંધિત વહીવટી વોર્ડ કચેરી ખાતે/વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર અરજી કરવાની રહેશે.
- જો કોઈ પશુમાલિક/ પશુપાલક શહેરની બહારથી નવા પશુ શહેરમાં લાવે તો તેમણે ૦૧ માસમાં પશુની નોંધણી કરાવી, RFID માઈક્રોચીપ્સ અને ટેગ લગાડવાની તથા પરમીટ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. વડોદરા મહાનગરપાલિકાની પૂર્વ મંજૂરી [પરવાનગી] મેળવેલ હોય તે પશુઓને જ શહેરમાં પ્રવેશ મળશે. તેમજ શહેર બહાર લઈ જવા માટે પણ પરવાનગી મેળવવાની રહેશે.
- કોઈપણ વ્યક્તિ/ સંસ્થાએ પોતાની જગ્યામાં ઘાસચારાનું વેચાણ કરવા માટે પ્રવર્તમાન કાયદા / નિયમો અંતર્ગત લાઈસન્સ / પરવાનગી મેળવવાની રહેશે.
- જે પશુમાલિક પાસે પશુઓ રાખવા માટે પોતાની જગ્યા ન હોય તો તેઓએ હવેથી શહેરમાં પશુ રાખી શકશે નહીં. તેઓએ તેઓના પશુઓને શહેર બહાર તેઓના સ્વ- ખર્ચે શિફ્ટ કરી દેવાના રહેશે. અન્યથા આવા પશુઓને પકડીને ઢોરડબ્બા ખાતે પૂરવામાં આવશે. જરૂર જણાયે land grabing Act હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- પકડાયેલા પશુઓ છોડાવવા માટે હવે નોંધણી નંબર ફરજિયાત રહેશે..
- રખડતાં પશુ પકડવાની કામગીરી દરમ્યાન ટીમની આસપાસ ફરતાં બાઈકર્સ / ઈસમો જેવો સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરે છે તે બદલ તેઓ વિરૂદ્ધ પોલીસ દ્વારા તેઓની અટકાયત કરી જરૂરી ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.
- ૦૪ માસ પછી જો કોઈપણ પશુને RFID માઈક્રોચીપ્સ અને ટેગ લગાવેલ નહીં હોય અથવા લાઈસન્સ / પરમીટ લીધેલ નહીં હોય તો તેવા પશુઓને પકડી ઢોરડબ્બામાં પૂરવામાં આવશે.
- જન્મ થયેલ તમામ પશુઓની ૦૨ (બે) માસની અંદર નોંધણી કરાવી લેવાની રહેશે.
- વેચાણ થયેલ પશુઓનું રજીસ્ટ્રેશન તેમજ મરણ પામેલ પશુઓની જાણ દિન- ૦૭ (સાત) માં વડોદરા મહાનગરપાલિકા, ઢોર ડબ્બા શાખા, ખંડેરાવ માર્કેટ, રાજમહેલ રોડ, વડોદરા ખાતે બિનચૂક કરવાની રહેશે.
- વારંવાર પશુઓને રખડતાં મૂકતાં પશુમાલિકોને હેબીચ્યુઅલ ઓફેન્ડર્સ તરીકે પ્રસ્થાપિત કરી પોલીસ વિભાગ તરફથી જરૂરી ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- પશુમાલિક દ્વારા તેઓના પશુને રખડતું મૂકવા બદલ નાગરિકોને થતી ઈજા કે તેઓનું મૃત્યુ અંગેની સંપૂર્ણ જવાબદારી પશુ માલિકની રહેશે.

ઉપરોક્ત સૂચનાઓ પોલીસીની અમલવારીના ભાગરૂપે પશુમાલિકો/ ગૌશાળા/ પાંજરાપોળ/ ઘાસચારાના વિક્રેતાની જાણ અને તેના અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેની સર્વે સંબધકર્તાઓને નોંધ લેવા જણાવવામાં આવે છે.

દિલીપ રાણા (આઈ.એ.એસ.)
મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં.૧૦૦૯/૨૦૨૩-૨૪